# ૧૫૭ શાળાઓ પાસેથી ૯.૭૯ કરોડની વસૂલાત

**ગ્રાન્ટેડ** શાળાઓમાં ઓડિટ ગોટાળો, નિભાવ ગ્રાન્ટના ખર્ચમાં અનિયમિતતા, ખોટા હિસાબ અને નિયમવિરોધી ખર્ચ કરાયો હોવાથી રિકવરી કરાશે

સુરતઃ સરકારી ગ્રાન્ટના ઉપયોગમાં પારદર્શિતાના દાવા કરતી શહેર અને જિલ્લાના ગ્રાન્ટેડ શાળાઓમાં હવે મોટા પાયે નાણાકીય ગોટાળાની ગંધ આવવા લાગી છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કરવામાં આવેલી ઓડિટ ચકાસણીમાં અનેક શાળાઓએ સરકાર તરફથી મળતી નિભાવ ગ્રાન્ટનો નિયમવિરોધી ઉપયોગ કર્યો હોવાનું બહાર આવતા શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી છે.

વર્ષો સુધી ઓડિટ રિપોર્ટ માત્ર કાગળ ઉપર મંજૂર થતો રહ્યો હતો, પરંતુ આ વખતે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભગીરથસિંહ પરમારે વ્યક્તિગત દેખરેખ હેઠળ જુના હિસાબોની ખરાઇ કરાવતા ૧૫૭ જેટલી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગંભીર હિસાબી અનિયમિતતાઓ સામે આવી છે. પરિણામે કુલ ૯.૭૯ કરોડથી વધુની રિકવરી કાઢવામાં આવી છે અને સંચાલકોને નિર્ધારિત સમયમર્યાદામાં રકમ પરત જમા કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ કેટલીક શાળાઓએ ખેલકૂદ, શૈક્ષણિક સાધનો, વહીવટી ખર્ચ અને અન્ય હેડ હેઠળ મળતી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ દર્શાવ્યો હોવા છતાં વાસ્તવિક ખર્ચ અને રજૂ કરાયેલા હિસાબોમાં મોટો તફાવત જોવા મળ્યો હતો. કેટલાક કેસમાં ખર્ચના પૂરતા પુરાવા ઉપલબ્ધ નહોતા તો કેટલીક જગ્યાએ મંજૂરી વગરના ખર્ચ દર્શાવવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.

## શહેરની જાણીતી શાળાઓ પણ ચપેટમાં

આ સમગ્ર કાર્યવાહી બાદ ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકોમાં દોડધામ મચી ગઇ છે. ખાસ કરીને શહેરની જાણીતી અને વર્ષો જૂની શિક્ષણ સંસ્થાઓ પણ આ તપાસની જપેટમાં આવતાં વાલીઓ અને શિક્ષણજગતમાં ચર્ચાઓ તેજ બની છે. કેટલીક સંસ્થાઓ સામે લાખો રૂપિયાની રિકવરી નક્કી થતા સંચાલકો હવે દસ્તાવેજો અને સ્પષ્ટીકરણ રજૂ કરવામાં વ્યસ્ત બન્યા છે.

## ગ્રાન્ટેડ શાળાઓ માટે હવે નિયમિત ફાઇનાન્સિયલ વેરિફિકેશન થશે

શિક્ષણ વિભાગના વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે અગાઉ ઓડિટ પ્રક્રિયા માત્ર ઔપચારિક બની રહી હતી, જેના કારણે વર્ષો સુધી ગેરરીતિઓ દબાઈ રહી હતી. જોકે હાલની કાર્યવાહી બાદ આગામી સમયમાં ગ્રાન્ટેડ શાળાઓ માટે વધુ કડક મોનિટરિંગ, ઓનલાઈન હિસાબી વ્યવસ્થા અને નિયમિત ફાઇનાન્સિયલ વેરિફિકેશન ફરજિયાત બની શકે છે.

## સંસ્થાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરાશે

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ સ્પષ્ટ જણાવ્યું છે કે સરકારની ગ્રાન્ટ જાહેર નાણાં છે અને તેનો એક-એક રૂપિયો વિદ્યાર્થીઓના હિત માટે જ વપરાવાનો હોય છે. ગેરરીતિ સહન કરવામાં આવશે નહીં અને સમયમર્યાદામાં રકમ જમા નહીં કરાવનાર સંસ્થાઓ સામે વધુ કડક કાર્યવાહી પણ હાથ ધરાશે.

## કઇ શાળાની કેટલી રિકવરી થઇ

| ક્રમ | શાળાનું નામ | રિકવરીની રકમ |
|---|---|---|
| 1 | સી.સી. શાહ સર્વજનિક સ્કૂલ, પાર્લેપોઇન્ટ | રૂ.19,40,680 |
| 2 | આર.એસ.એમ. એક્સપરિમેન્ટલ સ્કૂલ | રૂ. 6,60,438 |
| 3 | ટી.એન્ડ ટી.વી. ગોપીપુરા | રૂ. 18,99,388 |
| 4 | વી.ડી.ટી. ગર્લ્સ સ્કૂલ, અઠવાલાઇન્સ | રૂ.6,17,852 |
| 5 | એમ.ટી. જરીવાલા સ્કૂલ | રૂ. 1,51,179 |
| 6 | ટી.એન્ડ ટી.વી. નાનપુરા | રૂ. 2,36,793 |
| 7 | ગર્લ્સ હાઇસ્કૂલ, બાલાજી રોડ | રૂ.1,04,797 |
| 8 | ટીએન્ડ ટી.વી. સ્કૂલ, નાનપુરા | રૂ.2,36,793 |
| 9 | વી.ટી. ચોકસી સાર્વજનિક સ્કૂલ | રૂ. 72,404 |
| 10 | આર.એન. નાયક સ્કૂલ, ઉધના | રૂ. 9,95,304 |
| 11 | પી.એમ. ભગત સ્કૂલ, કતારગામ | રૂ.2,44,556 |
| 12 | કે.એન. જરીવાલા સ્કૂલ, શાહપોર | રૂ.2,09,172 |
| 13 | જીવનભારતી શાળા, ગોપીપુરા | રૂ. 8,09,348 |
| 14 | આઇ.જી. દેસાઇ સ્કૂલ, ભટાર | રૂ.9,96,817 |
| 15 | જી.વી. કડીવાલા, સગરામપુરા | રૂ. 3,34,63 |

ઉધનાની લક્ષ્મીનારાયણ ઈન્ડ. સોસા.માં ડિમોલિશન સમયે

# ભાજપ પ્રમુખે ફોન બંધ રાખનાર ઉધના ઝોનના અધિકારીઓનો ઉધડો લીધો

**ડિમોલિશન** સમયે ઝોનલ ચીફ સ્વાતિ દેસાઇ અને કાર્યપાલક ઈજનેર ભૈરવ દેસાઈએ ફોન બંધ કરી દીધા હતા

સુરતઃ મહાનગરપાલિકાના ઉધના ઝોન વિસ્તારમાં આવેલા લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં થયેલા ડિમોલીશનને લઈને છેલ્લા બે દિવસથી ભારે વિવાદ ઉભો થયો છે. મંજૂર પ્લાન કરતાં વધારાના બીજા માળનું બાંધકામ તોડી પાડવાની કાર્યવાહી દરમિયાન ઉધના ઝોનના અધિકારીઓ અને શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ વચ્ચે ભારે ગરમાગરમી થઇ ગઇ હોવાનું જાણવા મળી રહ્યું છે.

મળતી માહિતી મુજબ, સંબંધિત ઇન્ડસ્ટ્રીયલ ગાળાને ગ્રાઉન્ડ પ્લસ એક માળની મંજૂરી આપવામાં આવી હતી. જોકે મિલકતદારે માર્જિન કવર કરીને ગ્રાઉન્ડ પ્લસ બે માળનું બાંધકામ ઉભું કરી દીધું હતું. આ અંગે કોઈ અરજદારે વિજીલન્સ વિભાગમાં ફરિયાદ કરતાં વિજીલન્સ દ્વારા ઉધના ઝોનને કાર્યવાહી કરવા પત્ર પાઠવાયો હતો. તેના આધારે ગત શુક્રવારે ઉધના ઝોનની ટીમે બીજા માળનું બાંધકામ તોડી પાડ્યું હતું. ડિમોલીશન દરમિયાન સૌથી મોટો વિવાદ એ મુદ્દે ઊભો થયો કે આસપાસના વિસ્તારમાં ગ્રાઉન્ડ પ્લસ ત્રણ અને ચાર માળના અનેક ગેરકાયદેસર ઇન્ડસ્ટ્રીયલ બાંધકામો અડીખમ ઉભા હોવા છતાં માત્ર એક જ મિલકતને ટાર્ગેટ કેમ બનાવાઈ રહી છે?

આ મુદ્દે શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ સુધી ફરિયાદ પહોંચતા તેમણે ઝોનલ ચીફ સ્વાતી દેસાઇ અને કાર્યપાલક ઇજનેર ભૈરવ દેસાઈનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. ચર્ચા મુજબ બંને અધિકારીઓએ ફોન સ્વીચ ઓફ કરી દીધા હોવાથી શહેર ભાજપ પ્રમુખ વધુ નારાજ થયા હતા. ત્યારબાદ મામલો સીધો મનપા કમિશનર સુધી પહોંચ્યો હોવાનું જાણવા મળ્યું છે. શહેર પ્રમુખે ટેલિફોનિક રજૂઆત કરીને ડિમોલીશનની કામગીરી અંગે માહિતી માગી હોવા છતાં કાર્યવાહી ચાલુ રહેતાં વિવાદ વધુ ગરમાયો હતો. મનપાના સૂત્રોનું કહેવું છે કે શહેર ભાજપ પ્રમુખને ડિમોલીશન સામે સીધો વાંધો નહોતો, પરંતુ અધિકારીઓ દ્વારા ફોન બંધ રાખી યોગ્ય જવાબ ન આપતા તેઓમાં નારાજગી ફાટી નીકળી હતી. હાલ આ સમગ્ર મામલો શહેરના રાજકીય અને વહીવટી વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ઉલ્લેખનીય છે કે, ભૈરવ દેસાઈ અગાઉ ડ્રેનેજ વિભાગમાં હતાં ત્યારે પણ કૌભાંડ સબબ વિવાદમાં આવ્યા હતા અને તેમની બદલી કરાઈ હતી.

# પાર્કિંગ અને પોટલાં મૂકવા બાબતે ભંગારના વેપારીની હત્યા

**ભેસ્તાન** આવાસ ખાતે ભાઠેનાના રહીશ ઝાકીર પઠાણની અંકિત નેપાલી અને તેના ભાઈ સાથે માથાકૂટ થઈ હતી

**ઝઘડાની** અદાવત રાખી અંકિત અને તેના 5થી 6 સાગરીતોએ ઝાકીરને રેમ્બો છરાના ઘા મારી દીધા

**વચ્ચે** પડેલા ઝાકીરના બંને પુત્રોને પણ ચપ્પુ મરાતાં બંનેને ગંભીર ઈજા

## પોલીસની નિષ્ક્રિયતા પર સવાલો

પરિવારજનોએ પોલીસની કામગીરી સામે અત્યંત ગંભીર આક્ષેપો કર્યા છે. સલમાન પઠાણે જણાવ્યું કે, અમે મંગળવારે બપોરે 3 વાગ્યાથી પોલીસને જાણ કરી રહ્યા હતા અને મદદ માંગી રહ્યા હતા, પરંતુ પોલીસ છેક સાંજે 6 વાગ્યે ઘટનાસ્થળે પહોંચી હતી. જો પોલીસે સમયસર પગલાં લીધા હોત તો કદાચ ઝાકીરભાઈનો જીવ બચી શક્યો હોત. આ વિલંબને કારણે સ્થાનિકોમાં પોલીસ પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે અને પોલીસની પેટ્રોલિંગ વ્યવસ્થા પર સવાલો ઉઠી રહ્યા છે.

સુરત : ભેસ્તાન આવાસ બ્રિજ નીચે મંગળવારે બપોરે હત્યાની ઘટના બની હતી. વાહન પાર્કિંગ બાબતે પ્લાસ્ટિકના ભંગારનો વેપાર કરતા 52 વર્ષીય ઝાકીર પઠાણ પર અસામાજિક તત્વોએ જીવલેણ હુમલો કરી તેમની નિર્મમ હત્યા કરી નાખી છે. મૃતક ઝાકીરભાઈ ભાઠેના રજા નગરના રહેવાસી હતા અને વર્ષોથી પસ્તી અને વેસ્ટ પ્લાસ્ટિકના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

મૃતકના ભત્રીજા સલમાન પઠાણના જણાવ્યા અનુસાર, આ સમગ્ર વિવાદ મંગળવારે બપોરે પાર્કિંગ અને પોટલા મૂકવા જેવી સામાન્ય બાબતથી શરૂ થયો હતો. વેપારીની ગાડી પાર્ક કરવા બાબતે ત્યાં હાજર અંકિત નેપાલી અને તેના ભાઈ સાથે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ વિવાદ વકર્યો હતો અને અંકિત નેપાલી તથા તેની સાથે આવેલા અન્ય 5 થી 6 જેટલા શખ્સોએ હથિયારો સાથે વેપારી પર તૂટી પડ્યા હતા. આ ટોળાએ ઝાકીરભાઈ પર તીક્ષ્ણ રેમ્બો ચપ્પુ વડે અનેક ઘા ઝીંક્યા હતા, જેના કારણે તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. જ્યારે હુમલાખોરો ઝાકીરભાઈ પર હુમલો કરી રહ્યા હતા, ત્યારે તેમને બચાવવા માટે તેમના બે પુત્રો વચ્ચે પડ્યા હતા. પરંતુ હુમલાખોરોએ પુત્રોને પણ છોડ્યા ન હતા.

બંને પુત્રો પર પણ ચપ્પુથી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં એક પુત્રને હાથમાં ગંભીર ઈજા થઈ છે, જ્યારે બીજા પુત્રને હાથ અને પગ બંને ભાગે ચપ્પુના ઘા વાગ્યા છે. હાલ બંને પુત્રો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જોકે પિતા ઝાકીરભાઈએ હોસ્પિટલ પહોંચતા પહેલા જ દમ તોડી દીધો હતો. પોતાના મોભીને ગુમાવનાર પઠાણ પરિવાર અત્યારે આઘાતમાં છે. તેઓની એક જ માંગ છે કે હત્યારાઓને વહેલી તકે પકડવામાં આવે અને તેમને કડકમાં કડક સજા થાય. બીજી તરફ, મંગળવારની આ ઘટનાની ગંભીરતાને જોતા ડિંડોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે અંકિત નેપાલી અને તેના સાગરીતો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે અને આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ જ મહિનામાં આ બ્રિજ નીચે આ બીજી હત્યાની ઘટના છે. આ સિવાય છેલ્લા ટૂંકા ગાળામાં ત્રણ જેટલા 'હાફ-મર્ડર' એટલે કે જીવલેણ હુમલાની ઘટનાઓ બની ચૂકી છે.

# લો લાઇબ્રેરીના હોદ્દેદારો મુદ્દે તડફડ બાદ નવી નિમણૂંકનું મુહૂર્ત નીકળ્યું

**અશાંતધારા** નામે વ્યાપેલા ભ્રષ્ટાચાર મુદ્દે કમિટી બનાવી લડત ચલાવવા વકીલ મંડળની કમિટીનો નિર્ણય

સુરતઃ આજે સુરત જીલ્લા વકીલ મંડળની કારોબારી કમિટીની બેઠકમાં સુષુપ્ત અવસ્થામાં ધી સુરત ડિસ્ટ્રીક્ટ લો લાયબ્રેરીનાં હોદ્દેદારોની નિમણુંકનાં મુદ્દે વ્યાપક ચર્ચાનાં અંતે નવી નિમણુંક અંગેનો નિર્ણય જનરલ બોર્ડમાં લઈ જવાયો હતો. હવે લો લાયબ્રેરીની નવી કમિટીની રચના કરવાનો માર્ગ દસ વર્ષે મોકળો થયો હતો. આ સાથે આ બેઠકમાં અશાંતધારા નામે વ્યાપેલાં ભ્રષ્ટાચારનાં મુદ્દે કમિટી બનાવી લડત ચલાવવા વકીલ મંડળની કમિટીએ નિણર્ય લીધો હતો.

આજની વકીલ મંડળની કારોબારી કમિટીની બેઠક પ્રમુખ ઉદય પટેલનાં અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં સંજય પટેલ, મુંકુદ રામાણી, કવન પટેલ, ફેની પટેલ, સહિત કો-ઓપ્ટ સભ્ય ગગજી ભરવાડ, પ્રકાશ ડાભી સહિતના મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યાં હતાં. સેક્રેટરી મુકુંદ રામાણીએ જણાવ્યું હતું કે આજની બેઠકમાં ખાસ કરીને મંડળનાં હોદ્દેદારોની બે વર્ષની મુદત અંગેની અરજી સ્વીકારી જનરલ સભાને નિર્ણય લેવા માટે ઠરાવવામાં આવ્યું હતું. તેમજ લો લાયબ્રેરીનાં હોદ્દેદારોની નિમણુંકનાં મુદ્દે સભ્યોની રજુઆતને ધ્યાનમાં રાખીને નવી નિમણુંક માટે સભ્યોની પસંદગી માટે જનરલ સભાને યોગ્ય નિર્ણય લેવા માટે ઠરાવવામાં આવ્યું છે.

જયારે સુરત મનપાની લીગલ એડવાયઝરી વકીલની પોસ્ટ રદ કરવા બાબતે મનપાનાં નવા પદાધિકારીઓને રજુઆત કરાશે. ઉત્રાણ-અબારમાના દસ્તાવેજોની નોંધણી ઓલપાડમાં થતી હોય સીટીમાં સમાવેશ કરવા કલેકટરને રજુઆત કરવાનું ઠરાવવામાં આવ્યું છે. આ સિવાય આ બેઠકમાં વકીલો તરફથી બે જજની વકીલો સાથેની વર્તણુક અને નાઝર શાખાની હેરાનગતિનાં મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. આજની કારોબારીની બેઠકમાં સ્ટડી સર્કલ અને સેમિનાર શરૂ કરવાનો નિણર્ય કરાયો હતો.

# મિત્ર જેલમાં જતા તેની પત્ની પર દાનત બગાડનારાની ધરપકડ કરાઈ

**આગોતરા** જામીન સાથે હાજર થતાં પોલીસે ધરપકડ કરી

સુરત : બે મહિના પૂર્વે નોંધાયેલા બળાત્કારના ગુનામાં નાસતો ફરતો યુવાન કોર્ટમાંથી આગોતરા જામીન મેળવી પોલીસ સમક્ષ હાજર થતાં પોલીસે તેની ધરપકડ કરી હતી.

નાના વરાછા વિસ્તારમાં રહેતા એક યુવાનની ઉત્રાણ પોલીસે દારૂના ગુનામાં ધરપકડ કરી હતી. જે ગુનામાં લાજપોર જેલમાં ગયેલા યુવાને 35 વર્ષીય તેમની પત્નીને જેલમાંથી છોડાવવા માટે તેના (પતિના) મિત્ર અલ્પેશ જેન્તીભાઈ રુડાણી (ઉ.વ.44, રહે ક્રિશ્ના ટાઉનશીપ, મોટા વરાછા)નો સંપર્ક કરવા કહ્યું હતું. જેથી પરિણીતાએ પતિના મિત્રનો સંપર્ક કર્યો તે તેણે મિત્રને જેલમાંથી છોડાવવાના બહાને મિત્રની પત્ની પર દાનત બગાડી હતી અને ફાર્મ હાઉસ સહિત અલગ અલગ જગ્યા પર લઈ જઈ દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ પરિણીતાએ તા. 15 માર્ચ 2026ના રોજ કાપોદ્રા પોલીસ મથકમાં નોંધાવી હતી. જે ગુનામાં આગોતરા જામીન સાથે રજૂ થયેલા અલ્પેશની પોલીસે ધરપકડ કરી હતી.

# અકસ્માતના બે બનાવમાં બે જણાનાં ટ્રેન અડફેટે મોત

સુરતઃ શહેરમાં બે બનાવમાં બે લોકોના ટ્રેન અડફેટે મોત થયા હતા. જેમાં ગોડાદરામાં અને સહારા દરવાજા ખાતે ટ્રેકને ક્રોસ કરતી વખતે બંને યુવકો ટ્રેનની અડફેટે આવી ગયા હતા.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલમાં ગોડાદરા વિસ્તારમાં આવેલી કૃષ્ણકુંજ સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો રાજેન્દ્ર મહાપ્રસાદ ગોસ્વામી (40 વર્ષ)26મી એપ્રિલના રોજ સવારે રાજેશ ગોડાદરા પટેલનગર બ્રિજ નીચે રેલવે ટ્રેક પરથી ચાલતો જઈ રહ્યો હતો. ત્યારે સુરતથી ભુસાવલ જતી ટ્રેન સાથે ટક્કર થતા સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. બીજા બનાવમાં, વેડરોડ ખાતે આવેલી તાપીનગર સોસાયટીમાં રહેતો અને મજૂરી કામ કરતો 28 વર્ષીય સોનુ પાલ કાલે રાત્રે સહારા દરવાજા ખાતે રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો. ત્યારે ટ્રેન અડફેટે આવી જતાં તેનું મોત થયું હતું.

